INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૦૮-૦૪-૨૦૨૬

# ગુજરાત કોંગ્રેસ દ્વારા જનતાના સૂચનોને આધારે તૈયાર કરેલો 'જનતાનો મેનિફેસ્ટો - કોંગ્રેસનું કમિટમેન્ટ' રજુ કરવામાં આવ્યું.

## 'જનમંચ'થકી નવસારીના પ્રશ્નોને વાચા આપી

નવસારી:

નવસારી શહેર કોંગ્રેસ પ્રમુખ દીપક બારોટ, કાર્યકારી પ્રમુખ રાજન જોશી, મીડિયા પ્રવક્તા મહાદેવ દેસાઈ, પૂર્વ જિલ્લા પ્રમુખ એ ડી પટેલ, પૂર્વ પ્રમુખ ધર્મેશભાઈ માળી, વિરેન્દ્રભાઈ દેસાઈ, બીપીનભાઈ રાઠોડ, મહિલા કોંગ્રેસ પ્રમુખ સમીરા શેખ, પ્રભાબેન વલસાડયા, હેમલતાબેન ડુંગરિયા, પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી જય પટેલ તેમજ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિમાં આજે રાજ્યના સર્વાંગી વિકાસ અને સામાજિક ન્યાયના સંકલ્પ સાથે 'જનતાનો મેનિફેસ્ટો' જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી રાજ્યભરમાં ચલાવવામાં આવેલા 'કોંગ્રેસ આપને દ્વાર' અભિયાન અંતર્ગત કોંગ્રેસના કાર્યકરોએ નવસારી શહેરના દરેક ઘર સુધી પહોંચીને શિક્ષણ, રસ્તા, આરોગ્ય અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા પાયાના પ્રશ્નો પર જનતાના સીધા સૂચનો મેળવ્યા હતા, જેના આધારે આ ઐતિહાસિક મેનિફેસ્ટો તૈયાર કરાયો છે.

રાજકીય ઇતિહાસમાં પ્રથમ વખત પ્રજાની વચ્ચે જઈને તૈયાર કરાયેલા આ મેનિફેસ્ટો અંગે પક્ષના નેતૃત્વએ જણાવ્યું હતું કે, જે લોકોની રજૂઆતો સરકારી કચેરીઓમાં સાંભળવામાં આવતી નથી, તેમના માટે વોર્ડ દીઠ 'જનમંચ' પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું. આ મંચ પરથી પ્રાપ્ત થયેલી ફરિયાદો અને ગેરવહીવટના પુરાવાઓને આધારે ભાજપ સરકારના સત્તાધીશો સામે આ કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. કોંગ્રેસના નેતાઓએ ઉમેર્યું હતું કે, "આ મેનિફેસ્ટો એટલે સત્ય, સમાનતા, વિકાસ અને સામાજિક ન્યાય પ્રત્યેની અમારી કટિબદ્ધતા છે. કોંગ્રેસ પક્ષનો ઇતિહાસ રહ્યો છે કે તેણે જે વચનો આપ્યા છે તે હંમેશા પૂરા કર્યા છે. આજના આધુનિક ભારતનો પાયો કોંગ્રેસે જ નાખ્યો છે અને નગરરચનામાં કોંગ્રેસનો ફાળો અભૂતપૂર્વ રહ્યો છે."

નવસારી કોંગ્રેસનું કમિટમેન્ટ:

૧. શિક્ષણમાં નવસારી રહેશે અવ્વલ: નવસારી મહાનગરપાલિકા સંચાલિત તમામ શાળાઓને આધુનિક બનાવી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનું સર્વોચ્ચ શિક્ષણ આપીશું. તમામ શાળાઓમાં ફિઝિકલ અને ડિજિટલ લાઈબ્રેરી શરૂ કરીશું તથા શૈક્ષણિક સ્ટાફની કાયમી ભરતી અને વિદ્યાર્થી સહાયતા કેન્દ્રો કાર્યરત કરીશું.

૨. સ્વાસ્થ્યની ઉત્તમ સુવિધાઓ: વડીલોને ડાયાબિટીસ-બીપીની દવાઓ મફત આપીશું. દરેક વોર્ડમાં ૨૪/૭ આધુનિક હેલ્થ સેન્ટરો શરૂ કરી એક્સ-રે, CT સ્કેન અને બ્લડ ટેસ્ટ ફ્રી કરીશું. પૂરતા જથ્થાવાળી સરકારી દવાની દુકાનો અને બહેનો માટે વિશેષ 'પિન્ક ટોઈલેટ' બનાવી તેનું મેન્ટેનન્સ કોર્પોરેશન હસ્તક રાખીશું.

૩. સ્વચ્છ શહેર અને સુઘડ રસ્તા: શહેરમાં દિવસમાં બે વખત ડોર-ટુ-ડોર કચરો ઉપાડીશું. મજબૂત રસ્તાઓ બનાવીશું અને તેની ગુણવત્તાનું 'જનતા ઓડિટ' કરી જવાબદાર અધિકારી-કોન્ટ્રાક્ટર સામે પગલાં લઈશું. ૨૦ વર્ષના આયોજન સાથે ટ્રાફિક મેનેજમેન્ટનો માસ્ટર પ્લાન અમલી બનાવીશું.

૪. સૌને ઘરનું ઘર: સામાન્ય નાગરિકો માટે પારદર્શક સરકારી આવાસ બનાવીશું. 'પહેલા રિહેબિલિટેશન, પછી જ ડિમોલિશન'ના સિદ્ધાંત સાથે વૈકલ્પિક વ્યવસ્થા વગર કોઈનું ઘર નહીં તોડીએ અને સ્લમ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ પૂરી પાડીશું.

૫. પાણીની સુવિધા: વરસાદી પાણીના નિકાલ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવી નવી નગરરચના કરીશું. શહેરીજનોને દિવસમાં બે વખત પૂરતા પ્રેશરથી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડીશું.

૬. મહિલા સન્માન અને કલ્યાણ: સિટી બસમાં મહિલાઓની મુસાફરી સંપૂર્ણ ફ્રી કરીશું. મહિલા સુરક્ષા માટે ૨૪/૭ સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરીશું અને મહિલાઓના નામે નોંધાયેલા વાહનોનો રોડ ટેક્સ માફ કરીશું.

૭. સશક્ત અને પગભર યુવાન: કોર્પોરેશનમાં તમામ ખાલી પદો પર તાત્કાલિક કાયમી ભરતી કરી સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપીશું. રમતગમતના મેદાનો, બગીચાઓ, સ્વિમિંગ પૂલ અને જીમખાનાનું આધુનિકીકરણ કરી તેને અન્ય હેતુ માટે ભાડે આપવાનું બંધ કરીશું.

૮. સૌનું માન, સૌનું સન્માન: લારી-ગલ્લા ધારકોને સ્માર્ટ કાર્ડ આપી 'વેન્ડર ઝોન' દ્વારા વ્યાપારિક ઓળખ આપીશું. ૫૦ મીટરથી નાના મકાનોને પ્રોપર્ટી ટેક્સમાં ૫૦% રાહત અને નવા વિસ્તારોને સુવિધા ન મળે ત્યાં સુધી ટેક્સ મુક્તિ આપીશું. પૂર્ણા નદીનું ડીપનિંગ-વાઈડનિંગ કરી શહેરને પૂરથી બચાવવા પ્રોટેક્શન વોલ અને તળાવ બચાવવા ટાસ્ક ફોર્સ બનાવીશું.

અમારો આ મેનિફેસ્ટો એ માત્ર વચન પત્ર નથી આ અમારું જનતા સાથેનું કમિટમેન્ટ છે. જેને અમે સત્તામાં આવતા જ પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છીએ

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,